અપીલ અરજી નં.૧૦૭ તા.૨૪–૭–૦૮

અરજદારઃ શ્રી ચંદ્રવદન ધ્રુવ
સામાવાળાઃઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન

**હુકમઃ–**

***વિષય :–***આરટીઆઈ એકટ હેઠળ શ્રી ચંદ્રવદન ધ્રુવની તા.૧૬–૫–૦૮ નીઅરજીથી વિદ્યાકુંજ સંકુલ, પાલનપુર પાટીયા જકાતનાકા, અડાજણ ખાતે આવેલ શાળા તથા કોલેજના બાંધકામ અંગેની માહિતી મુદ્દા અ થી ળ મુજબ આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૨૪–૭–'૦૮ ની અપીલ અરજી નં.૧૦૭/૨૦૦૮–૦૯

શ્રી ચંદ્રવદન ધ્રુવની તા.૧૬–૫–૦૮ નીઅરજીથી વિદ્યાકુંજ સંકુલ, પાલનપુર પાટીયા જકાતનાકા, અડાજણ ખાતે આવેલ શાળા તથા કોલેજના બાંધકામ અંગેની માહિતી મુદ્દા અ થી ળ મુજબ આપવા બાબતે નિયત સમય મર્યાદામાં કોઈ પ્રત્યુત્તર ન મળવાના કારણે નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૪–૭–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૭૯ તા.૩૧–૭–૦૮ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તા.૧૪–૮–૦૮ આરટીઆઈ/આ.નં.૯૩ રાંદેર ઝોન તરફથી માહિતી પૂરી પાડવામાં આવેલ.

અરજદારે અપીલ અરજીમાં નિયત સમય મર્યાદામાં કોઈ પ્રત્યુત્તર નહીં આપવા બાબત રજુઆત કરેલ. જયારે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી આરટીઆઈ/આ.નં.૬૬ તા.૨૫–૭–૦૮ ના રોજ અત્રે મોકલેલ નકલ ઉપરથી અરજદારને માહિતી પૂરી પાડી મુદ્દા નં.અ૩ થી ૬, (ડ) ૩ થી ૬ તથા (હ) ૩ થી ૬ માં નિર્દિષ્ટ ફી ભરી નકલોની માહિતી મેળવી લેવા જણાવેલ છે. આમ અરજદારને નિયત સમય મર્યાદા કરતાં દિન–૧૦ ના વિલંબથી પણ આપવામાં આવેલ છે. અરજદારે તા.૨૪–૭–૦૮ ના રોજ અપીલ અરજી કરેલ છે જેની માહિતી તા.૨૫–૭–૦૮ના રોજ પૂરી પાડવામાં આવેલ છે.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

''અરજદારે તા.૨૭–૫–૦૮ ના રોજ કરેલ અરજીમાં માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી તા.૨૫–૭–૦૮ ના રોજ દિન–૧૦ ના વિલંબથી અરજદારને પૂરી પાડી નિર્દિષ્ટ કિસ્સામાં નિયત ફી ભરી નકલો મેળવવા જણાવેલ છે.જે આરટીઆઈ એકટની કલમ–૭ (૬) સાથે સુસંગત ન હોઈ નિર્દિષ્ટ નકલો દિન–૭ માં અરજદારને વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૮ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧)ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી,રાંદેર ઝોન..... જાણ તથા અમલ માટે.
(૨)શ્રી ચંદ્રવદન ધ્રુવ,